# Surat Municipal Corporation
## e-Magazine

Issue 10
July 15, 2005


### વડોદરા શહેરમાં પૂરની પરિસ્થિતિ બાદ આરોગ્યલક્ષી કામગીરી અંગે મનપાએ મોકલેલ આરોગ્યની ટીમ

**તાજેતરમાં ગુજરાત રાજયમાં થયેલ ભારે વરસાદને કારણે અન્ય શહેરોની જેમ વડોદરા શહેરમાં પણ પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયેલ. પૂરના પાણી ઓસર્યા બાદ શહેરમાં આરોગ્યલક્ષી કામગીરી તથા તબીબી સહાયની જરુરીયાત ઉભી થતાં વડોદરા શહેરને મદદરૂપ થવાના હેતુસર સરકારશ્રીના હુકમ અનુસાર મે. કમિશ્નરશ્રીની સુચનાથી સુરત મહાનગરપાલિકા ધ્વારા નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે.એ.શ્રોફની આગેવાની હેઠળ સેનીટેશન કામગીરી અંગેની એક ટીમ વડોદરા શહેર ખાતે રવાના કરવામાં આવેલ....**

વધુ માટે કલીક કરો >>>>>>



### સરથાણા નેચર પાર્કમાં હવે બટર ફલાય પાર્કનું આયોજન

**સુરત મહાનગરપાલિકા સરથાણા નેચર પાર્કમાં પ્રાણી સંગ્રાહલય બાદ હવે બટર ફલાય પાર્કનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ૧૦૦થી વધુ જાતના એક લાખથી વધુ પતંગીયા શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ૨૨૦૦ ચો.મી. જગ્યામાં બનાવવામાં આવેલા આ પાર્કમાં સાડાચાર મીટરના૧૪૧ થાંભલા અને મધ્યમાં સાડા ત્રણ મીટરના થાંભલાઓ રાખવામાં આવશે. ....**

વધુ માટે કલીક કરો >>>>>>

### વામ્બે આવાસ યોજના હેઠળ લિંબાયત ઝોનમાં ૬૪૮ મકાનો બાંધવાનું આયોજન

**મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં વાલ્મીકી આંબેડકર યોજના (વામ્બે) અંતર્ગત ૬૪૮ આવાસો બનાવવાનું નકકી કર્યુ છે. પાલિકાના લિંબાયત ઝોનમાં કમરૂનગર પાસે આ આવાસો બનાવવામાં આવશે...**

વધુ માટે કલીક કરો >>>>>>

### ભારે વરસાદ ની પરિસ્થિતિમાં પણ જકાત વિભાગે નિર્ધારીત લક્ષ્યાંક પ્રાપ્ત કર્યો

**જકાત વિભાગે ફરી એકવાર કાર્યદક્ષતા પુરવાર કરી છે. ચાલુ નાણાકીય વર્ષના રૂા. ૩૮૦ કરોડના તોતિંગ જકાત લક્ષ્યાંકને વર્ષના પ્રથમ ૧૦૦ દિવસના રૂા. ૧૦૪.૨૩ કરોડના માંગણા પ્રમાણે પાર કરી દીધો છે. ૧૦૦ દિવસમાં જકાત વિભાગે રૂા.૧૦૪.૯૩ કરોડ આવક મેળવી છે....**

વધુ માટે કલીક કરો >>>>>>

### હાઈકોર્ટના આદેશને પગલે દબાણ અને પાર્કીંગના સખત નિયમોના અમલ માટે મનપાનું તંત્ર તૈયાર

**ગુજરાત હાઈકોર્ટના વચગાળાના આદેશ મુજબ શહેર વિસ્તારમાં ટ્રાફિકના સરળ નિયમન માટે રસ્તાઓ ઉપરના તમામ પ્રકારના દબાણો હટાવવા અંગે તથા રહેઠાણ અને કોર્મશીયલ હેતુઓ માટેના મકાન બાંધકામ આયોજનની મંજુરી આપતા વેળા એજ રસ્તા પરના ટ્રાફિક યોગ્ય રીતે વહન થઈ શકે તે માટે પાર્કીગની પર્યાપ્ત જોગવાઈના અમલીકરણની અચુક તકેદારી રાખવા તેમજ તમામ ટ્રાફિક જંકશન, સર્કલ અને પોઈન્ટ આસપાસના વિસ્તારમાં રસ્તાની પહોળાઈ અનુસાર રોડ ડિવાઈડરનું આયોજન, વિગેરેના અસરકારક અમલીકરણ માટે ચોકકસ અધિકારીઓની જવાબદારી નકકી કરવામાં આવેલ છે....**

વધુ માટે કલીક કરો >>>>>>

## વડોદરા શહેરમાં પૂરની પરિસ્થિતિ બાદ આરોગ્યલક્ષી કામગીરી અંગે મનપાએ મોકલેલ આરોગ્યની ટીમ

તાજેતરમાં ગુજરાત રાજયમાં થયેલ ભારે વરસાદને કારણે અન્ય શહેરોની જેમ વડોદરા શહેરમાં પણ પૂરની પરિસ્થિતિનું નિર્માણ થયેલ. પૂરના પાણી ઓસર્યા બાદ શહેરમાં આરોગ્યલક્ષી કામગીરી તથા તબીબી સહાયની જરુરીયાત ઉભી થતાં વડોદરા શહેરને મદદરૂપ થવાના હેતુસર સરકારશ્રીના હુકમ અનુસાર મે. કમિશનરશ્રીની સુચનાથી સુરત મહાનગરપાલિકા ધ્વારા નાયબ આરોગ્ય અધિકારી ડૉ. કે.એ.શ્રોફની આગેવાની હેઠળ સેનીટેશન કામગીરી અંગેની એક ટીમ વડોદરા શહેર ખાતે રવાના કરવામાં આવેલ. જેમાં એક ચીફ એસ.આઈ., બે એસ.આઈ., એક એસ.આઈ. તથા બે મુકાદમ અને ૫૦ સફાઈ કામદારોનો સમાવેશ થાય છે. સાફ–સફાઈની કામગીરી માટેના જરૂરી સાધનો–વાહનો અને જંતુનાશક દવાનો પૂરતો જથ્થો તેમજ સફાઈ અંગેની તમામ સાધન સામગ્રી મોકલવામાં આવી હતી.

વધુમાં તબીબી સહાય માટે એક મેડીકલ ટીમ તબીબ તથા પેરામેડીકલ વર્કરો અને જરૂરી દવાઓ સાથે રવાના થયેલ.

TOP

## સરથાણા નેચર પાર્કમાં હવે બટર ફલાય પાર્કનું આયોજન



સુરત મહાનગરપાલિકા સરથાણા નેચર પાર્કમાં પ્રાણી સંગ્રાહલય બાદ હવે બટર ફલાય પાર્કનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ૧૦૦થી વધુ જાતના એક લાખથી વધુ પતંગીયા શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. ૨૨૦૦ ચો.મી. જગ્યામાં બનાવવામાં આવેલા આ પાર્કમાં સાડાચાર મીટરના૧૪૧ થાંભલા અને મધ્યમાં સાડા ત્રણ મીટરના થાંભલાઓ  રાખવામાં આવશે. આ ડોમને ઉપર જાળીથી બંધ કરી દેવામાં આવશે. જે અંગેનો અંદાજીત ખચ રૂા. ૫૨ લાખ ૨૩ હજાર જેટલો થશે.

હાલમાં સરથાણા નેચર પાર્કમાં ૨૫થી વધુ જાતીના જુદા જુદા પતંગીયાઓ ઉડી રહયા છે. ડોમ બન્યા બાદ આ પચ્ચીસ જાત ઉપરાંત સુરત અને સુરત જીલ્લામાંથી ૨૫ જેટલી જાતના પતંગીયાઓ લાવવામાં આવશે. ત્યાર બાદ સુરત જીલ્લાની નજીકના અને પછી રાજયમાં મળતી પતંગીયાની જાતો લાવવામાં આવશે.

ત્યાર બાદ મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ જેવા નજીકના રાજયમાં મળતી પતંગીયાની જાતો લાવવામાં આવશે. જેમ જેમ સમય જશે તેમાં દેશભરમાં જોવા મળતાં જુદી જુદી ૧૦૦ જાતીના પતંગીયાઓ સરથાણા નેચર પાર્કમાં બનાવવામાં આવેલા બટર ફલાય પાર્કમાં ઉડતા જોવા મળશે.





TOP

## વામ્બે આવાસ યોજના હેઠળ લિંબાયત ઝોનમાં ૬૪૮ મકાનો બાંધવાનું આયોજન

મહાનગરપાલિકા ધ્વારા શહેરમાં વાલ્મીકી આંબેડકર યોજના (વામ્બે) અંતર્ગત ૬૪૮ આવાસો બનાવવાનું નકકી કર્યુ છે. પાલિકાના લિંબાયત ઝોનમાં કમરૂનગર પાસે આ આવાસો બનાવવામાં આવશે. જે અંગેનો અંદાજીત ખચ રૂા. ૬ કરોડ ૫૦ લાખ જેટલો થશે.

ઉધના લિંબાયત ટીપી સ્કીમ નંબર ૩૯માં આવેલા ફાઈનલ પ્લોટ નં. ૪૧માં ગરીબી રેખા નીચે જીવતા તથા પછાત વર્ગના લોકો માટેના આવાસો બનાવવાનું નકકી કરવામાં આવ્યું છે. આ યોજના હેઠળ બનેલા મકાનો એક લાખ છ હજારના બનશે. જેમાંથી કેન્દ્ર સરકાર ધ્વારા ૨૫૦૦૦ની સબસીડી આપવામાં આવશે બાકીની રકમ લાભાર્થીઓએ સરળ હપ્તેથી ભરવાની રહેશે.

TOP

## ભારે વરસાદ ની પરિસ્થિતિમાં પણ જકાત વિભાગે નિર્ધારીત લક્ષ્યાંક પ્રાપ્ત કયો

જકાત વિભાગે ફરી એકવાર કાર્યદક્ષતા પુરવાર કરી છે. ચાલુ નાણાકીય વર્ષના રૂા. ૩૮૦ કરોડના તોતિંગ જકાત લક્ષ્યાંકને વર્ષના પ્રથમ ૧૦૦ દિવસના રૂા. ૧૦૪.૨૩ કરોડના માંગણા પ્રમાણે પાર કરી દીધો છે. ૧૦૦ દિવસમાં જકાત વિભાગે રૂા.૧૦૪.૯૩ કરોડ આવક મેળવી છે.

વાર્ષિક રૂા. ૩૮૦ કરોડના લક્ષ્યાંકને પાર પાડવા રૂા. ૧.૦૪ કરોડની દૈનિક વસુલાત ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ૧૦૦ દિવસમાં જ શકય બીની ચૂકી છે. આ વસૂલાત કરીને જકાત વિભાગે વધુ એક વખત પોતાની કાર્યક્ષમતા પુરવાર કરી છે.

છેલ્લા પંદર દિવસોમાં ભારે વરસાદ, ખાડીના પૂર ઉપરાંત ઉદ્યોગોની કથળતી હાલત વચ્ચે પણ આ વસૂલાત શકય બની હતી. જકાત ખાતાના વડાએ ખાતાના તમામ કર્મચારી–અધિકારીઓ અને એન્ફોર્સમેન્ટ બ્રાંચના સ્ટાફને પણ અભિનંદન પાઠવ્યા હતા.

TOP

## હાઈકોર્ટના આદેશને પગલે દબાણ અને પાર્કીગના સખત નિયમોના અમલ માટે મનપાનું તંત્ર તૈયાર

ગુજરાત હાઈકોર્ટના વચગાળાના આદેશ મુજબ શહેર વિસ્તારમાં ટ્રાફિકના સરળ નિયમન માટે રસ્તાઓ ઉપરના તમામ પ્રકારના દબાણો હટાવવા અંગે તથા રહેઠાણ અને કોર્મશીયલ હેતુઓ માટેના મકાન બાંધકામ આયોજનની મંજુરી આપતા વેળા એજ રસ્તા પરના ટ્રાફિક યોગ્ય રીતે વહન થઈ શકે તે માટે પાર્કીગની પર્યાપ્ત જોગવાઈના અમલીકરણની અચુક તકેદારી રાખવા તેમજ તમામ ટ્રાફિક જંકશન, સર્કલ અને પોઈન્ટ આસપાસના વિસ્તારમાં રસ્તાની પહોળાઈ અનુસાર રોડ ડિવાઈડરનું આયોજન અને ટ્રાફિકને અડચણરુપ ન થાય તે માટે પાર્કીગ અંગેની જાહેર નોટીસ, જરુરી બોર્ડ, ધ્વીચક્રી વાહનો અને અન્ય વાહનોના વહન માટે અલગ લેન–માર્કીગ, વિગેરેના અસરકારક અમલીકરણ માટે ચોકકસ અધિકારીઓની જવાબદારી નકકી કરવામાં આવેલ છે. સદરહુ જવાબદાર અધિકારીઓએ જે તે ઝોન વિસ્તારમાં જરુર જણાયે પોલીસ/સીકયુરીટીના સંકલનથી કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવેલ છે. આ અંગેની કામગીરી કરવા માટેનો વિસ્તૃત પરિપત્ર કમિશનરશ્રીએ જારી કરેલ છે.

ઉપરોકત તમામ કામગીરીના સંકલન માટે સંકલન અધિકારી તરીકે ડે.કમિશનર (સ્પે.)ની નિમણુંક કરવામાં આવેલ છે.

TOP